અપીલ અરજી નં.૨૨૦ તા.૧૬–૧૦–૦૯/૧૦

અરજદારઃ શ્રી હિતેન્દ્રરાય નરહરિશંકર ભટ્ટ

સામાવાળાઃ ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન

## ફરીયાદની હકીકતઃ–

***વિષય :–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી હિતેન્દ્રરાય નરહરિશંકર ભટ્ટની તા.૨૦–૮–૦૯ની અરજીથી મુદ્દા નં.૧ રાંદેર ગામતળ નોંધ નં.૪ ની મિલ્કતની મુલાકાત લેનાર અધિકારી/કર્મચારીનું નામ મુદ્દા નં.૨ કઈ તારીખે મુલાકાત લીધી મુદ્દા નં.૩ નોટીસ આપવામાં આવી છે હા કે ના મુદ્દા નં. ૪ નોટીસ કઈ તારીખે આપી અને તેનો આઉટવર્ડ નંબર મુદ્દા નં.૫ નોટીસ બાદ તેનો અમલ થયો છે કે ? તેની તપાસ કરવામાં આવી? કયારે? તપાસ કરનારનું નામની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજુકરની તા.૧૬–૧૦–૦૯ ની અપીલ અરજી નં.૨૨૦/૨૦૦૯–૧૦

શ્રી હિતેન્દ્રરાય નરહરિશંકર ભટ્ટની તા.૨૦–૮–૦૯ની અરજીથી મુદ્દા નં.૧ રાંદેર ગામતળ નોંધ નં.૪ ની મિલ્કતની મુલાકાત લેનાર અધિકારી/કર્મચારીનું નામ મુદ્દા નં.૨ કઈ તારીખે મુલાકાત લીધી મુદ્દા નં.૩ નોટીસ આપવામાં આવી છે હા કે ના મુદ્દા નં.૪ નોટીસ કઈ તારીખે આપી અને તેનો આઉટવર્ડ નંબર મુદ્દા નં.૫ નોટીસ બાદ તેનો અમલ થયો છે કે ? તેની તપાસ કરવામાં આવી? કયારે? તપાસ કરનારનું નામની માહિતી આપવા બાબતે પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/ આ.નં.૩૪૧ તા.૨૪–૯–૦૯ થી મળેલો પ્રતિભાવ અસંતોષકારક છે તેવું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૬–૧૦–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૦૩ તા.૨૭–૧૦–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી, રાંદેરઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને પુરક વિગતો પૂરી પાડેલ નથી.

આરજદારની તા.૨૦–૮–૦૯ની અરજીથી મુદ્દા નં.૧ રાંદેર ગામતળ નોંધ નં.૪ ની મિલ્કતની મુલાકાત લેનાર અધિકારી/કર્મચારીનું નામની માહિતી માંગવામાં આવેલ છે જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી ઉપરોકત નોંધ નં.૪ ની મિલ્કતની મુલાકાત લેનાર કર્મચારીનું નામ શ્રી એચ.એમ. માસ્તર જણાવેલ છે તેવી માહીતી પુરી પાડેલ છે. મુદ્દા નં.૨ કઈ તારીખે મુલાકાત લીધી તેવી માહિતી માંગવામાં આવેલ છે જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી તા.૧૬–૪–૦૯ ના રોજ મુલાકાત લીધી. અરજદારે અપીલ અરજીમાં દર્શાવેલ તારીખે કઈ રીતે મુલાકાત લીધી, મિલ્કતને તાળુ મારેલ હતુ તો કઈ રીતે કયા સમયે મુલાકાત લીધી તેવો પૂરક પ્રશ્ન પુછેલ છે? જે મુળ અરજીથી અપીલ તબકકે ઉપસ્થિત કરેલ અલાયદો પ્રશ્ન છે. મુદ્દા નં.૩ નોટીસ આપવામાં આવી છે હા કે ના તેવી માહિતી માં ગવામાં આવેલ છે જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી "હા " જણાવેલ છે. મુદ્દા નં.૪ નોટીસ કઈ તારીખે આપી અને તેનો આઉટવર્ડ નંબરની માહિતી માંગવામાં આવેલ જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નોટીસનો આઉટવર્ડ નં.ટીડીઓ/૫૧ તા.૧૮–૪–૦૯ જણાવેલ છે. મુદ્દા નં.૫ નોટીસ બાદ તેનો અમલ થયો છે કે કેમ? તેની તપાસ કરવામાં આવી? કયારે? તપાસ કરનારનું નામ તેવી માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સદર નોટીસ આપયા બાદ તા.૪–૫–૦૯ ના રોજ જુની.ઈજનેર શ્રી એમ.એચ. માસ્તર ધ્વારા તપાસ કરવામાં આવતા તે સમયે અમલ થયેલ હોવાનું જણાયેલ નહી પરંતુ ત્યારબાદ હાલમાં તપાસ કરવામાં આવતા ઉકત નોટીસનો અંશતઃ અમલ થયેલ હોવાનું માલમ પડેલ છે. તેવી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે અપીલ તબકકે આપેલ માહિતી ખોટી, ઉપજાવી કાઢેલ. નોંધ નંબર ૪/૭ બાબતે નોટીસ મળેલ છે. જેમાં કોઈ તારીખ કે નંબર પાડયા વગર આપવામાં આવેલ. તેવી રજુઆત કરેલ. જે અંગે જાહેર માહિતી અધિકારીએ આપેલ નોટીસનો આ.નં.ટીડીઓ/૫૧, તા.૧૮–૪–૦૯ જણાવેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૦–૮–૦૯ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પડાયેલ હોય અપીલ અરજી અંગે કશુ કરવાનુ રહેતુ ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

અરજદારે અપીલ તબકકે ઉપસ્થિત કરેલ અલાયદા મુદ્દાની માહિતી કાયદા અને નિયમની જોગવાઈ અનુસાર અલગ અરજી લાગત જાહેર માહિતી અધિકારીને કરી માહિતી મેળવવા અરજદાર સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/<br>
તારીખ : –૧૧ –૦૯.

ડે.કમિશ્નર(જનરલ),<br>
અને એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોન...જાણ તથા અમલ માટે.

(૨) શ્રી હિતેન્દ્રરાય નરહરિશંકર ભટ્ટ ,